# સમકાલીન ગુજરાતી સ્ત્રી લેખિકાઓ

ગામીત વિજેતાકુમારી વેચીયાભાઇ
પીએચ.ડી. વિધાર્થીની, ભાષાભવન ગુજરાતી વિભાગ,કે.એસ.કે.વી.કચ્છ યુનિ.,ભુજ-કચ્છ.

આપણો સમાજ પુરુષપ્રધાન સમાજ છે. આદિકાળથી ચાલી આવતી વ્યવસ્થા પ્રમાણે જોઈએ તો હંમેશા સ્ત્રી કરતાં પુરુષ ચઢિયાતો મનાતો આવ્યો છે. સ્ત્રીઓનું કામ માત્ર પતિની ભૂખ સંતોષવાનું, છોકરાં સાચવવાં, ઘરકામ કરવું, આવાં મર્યાદિત ક્ષેત્રનું જ રહેતું. સ્ત્રી હંમેશા ચાર દિવાલોની વચ્ચે જ પુરાઈને રહેતી. બહારની દુનિયા વિશે તો એ વિચાર પણ કરી શકતી નહીં. પરંતુ હવે, આજના ટૅકનોલોજીના સમયમાં જોઈએ તો સ્ત્રીઓ પુરુષોની સાથે ખભેખભા મિલાવીને આગળ વધી રહી છે. અભ્યાસના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ આગળ પડતું સ્થાન ધરાવે છે. પછી એ કૉમ્પ્યુટર, વિજ્ઞાન કે કોઈપણ ક્ષેત્ર હોય. તેવી જ રીતે સ્ત્રીઓ વ્યવસાય ક્ષેત્રે પણ પુરુષોની સમાંતરે ઊભી રહી છે. જેમ કે ઍન્જિનિયર, પાયલૉટ, અવકાશયાત્રી, પૉલીસ, ડ્રાઈવર, કંડક્ટર જેવાં તમામ ક્ષેત્રોમાં ઉડાન ભરી રહી છે. આવું જ એક ક્ષેત્ર સાહિત્યમાં પણ છે. સ્ત્રી એ સમાજનું એક સંતાન છે. સ્ત્રીએ સમાજને બારીકાઈથી જોયો છે. તેમને વેઠવી પડતી મુશ્કેલીઓ, વેદનાઓની તે સાક્ષી રહી છે. સ્ત્રી એ સ્ત્રીની દુશ્મન નહીં પરંતુ સ્ત્રી જ સ્ત્રીની વેદનાને સાચી રીતે સમજી શકે છે. આપણા પુરુષપ્રધાન સમાજમાં કેટલાક માને છે કે સ્ત્રી એ સ્ત્રીની દુશ્મન છે. જો એવું માનનારા હોય તેમણે સાહિત્યમાંથી પસાર થવું જોઈએ, તો જ તેમને સત્યનો ખ્યાલ આવશે. એવું નથી કે માત્ર સ્ત્રી લેખિકાઓ જ સ્ત્રીની સંવેદનાઓને સાહિત્યમાં વર્ણવ્યું છે. આપણા ગુજરાતી સાહિત્યમાં એવા કેટલાક પુરુષ લેખકો પણ છે જેમણે સ્ત્રીની સંવેદનાઓને ખૂબ જ ઝીણવટપૂર્વક સાહિત્યમાં વર્ણવ્યું છે. પરંતુ સ્ત્રી લેખિકા પોતાના અનુભવ થકી સ્ત્રીને સમજવાની કોશિશ કરે છે, જે પુરુષ લેખકો ન કરી શકે. આથી જ સ્ત્રીની સંવેદનાઓને નિકટતાથી આલેખ્યું હોય તો તે સ્ત્રી લેખિકાઓ છે. સ્ત્રી જન્મે છે ત્યારથી જીવનની અનેક ભૂમિકાઓ પસાર કરતી આવે છે. સૌ પ્રથમ તો દીકરી તરીકે, પછી બહેન, પત્ની, વહુ, મા, સાસુ, નાની, દાદી - આ તમામ પાસાંઓમાંથી તે પસાર થાય છે. સ્ત્રી જે ઘરમાં જન્મી અને મોટી થઈ છે એ ઘરને તેણે જીવનનાં થોડાં જ વર્ષોમાં છોડવાનું હોય છે. કોઈ અજાણ્યા પુરુષના ઘરે જઈ તેમની સાથે ભળી જવાનું હોય છે. તે પુરુષના પરિવારને શું ગમશે ? શું ભાવશે ? આવી તમામ પ્રકારની કાળજી સ્ત્રીએ રાખવાની હોય છે. પરંતુ કોઈ એમ નથી પૂછતું કે સ્ત્રીને શું ગમે છે. તેણે તો હંમેશા બીજાની ખુશીની પાછળ જ દોડવાનું હોય છે. આજના સમકાલીન સમયમાં સ્ત્રી નોકરી કરી થઈ છે છતાં ઘરની તમામ જવાબદારી સંભાળવી પડે છે. આવી દરેક પરિસ્થિતિનો સામનો સ્ત્રી કરતી આવી છે છતાં પુરુષોની સાથે તાલ મિલાવીને આગળ વધી રહી છે.

આપણા ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો મધ્યકાળથી લઈને અનુઆધુનિક યુગ સુધીના સમયગાળામાં સ્ત્રીઓએ સાહિત્યમાં કલમ ચલાવી છે સ્ત્રીઓએ સમાજનું સીધું પ્રતિબિંબ સાહિત્યમાં મૂક્યું છે. મધ્યકાલીન સ્ત્રી કવિયિત્રીઓમાં મીરાં, પુરીબાઈ, ધનાબાઈ વગેરે છે. આ દરેક સ્ત્રી કવયિત્રીઓએ ભક્તિ દ્વારા સમાજને ટકાવી રાખવાનું કામ કર્યું છે. આ સમયે સમાજને એક નવી દિશા આપી સત્યના માર્ગે વાળવાનું ભારે જહેમતભર્યું કામ કર્યું છે. આવી જ રીતે દરેક યુગની સ્ત્રી લેખિકાઓએ પોતાના સમાજનો ચિતાર સાહિત્યમાં નિરુપ્યો છે.

સમકાલીન સમયની સ્ત્રી લેખિકાઓની વાત કરીએ તો ધીરુબહેન પટેલ, વસુબહેન ભટ્ટ, કુન્દનિકા કાપડિયા, સરોજ પાઠક, વર્ષા અડાલજા, તારિણીબહેન દેસાઈ, હિમાંશી શેલત, ઈલા આરબ મહેતા, પન્ના નાયક, જયા મહેતા, નીતા રામૈયા, સરૂપ ધ્રુવ, પ્રીતિ સેનગુપ્તા, દર્શનાબહેન ધોળકિયા, શરીફા વીજળીવાળા જેવી અનેક લેખિકાઓએ સાહિત્યમાં ઝંપલાવ્યું છે. આ તમામ સ્ત્રી લેખિકાઓ કવિતા, વાર્તા, નવલકથા, સંશોધન, સંપાદન વગેરે તમામ સાહિત્યક્ષેત્રમાં ખેડાણ કરી રહી છે. ધીરુબહેન પટેલની વાત

કરીએ તો તેમણે 'વાંસનો અંકુર'(૧૯૬૮), 'એક ભલો માણસ' (૧૯૭૯), 'આંધળી ગલી' (૧૯૮૩), 'કાદંબરીની મા' (૧૯૮૮), 'આગન્તુક' (૧૯૯૬), 'શીમળાના' ફૂલ' (૧૯૭૬), 'ગગનનાં લગન' (૧૯૮૪), 'એક ફૂલ ગુલાબી વાત' (૧૯૯૦), 'એક મીઠી' (૧૯૯૨), 'હુતાશન' (૧૯૯૩), 'પેઈંગ ગેસ્ટ' (૧૯૯૮) 'અતીત રાગ' (૨૦૦૦) વગેરે નવલકથા-લઘુનવલો આપી છે. તેમજ 'અધૂરો કોલ' (૧૯૫૫), 'એક લહર' (૧૯૫૭), 'વિશ્રંભકથા' (૧૯૬૬), 'ટાઢ' (૧૯૮૭), 'જાતલ' (૨૦૦૧) જેવા વાર્તાસંગ્રહો ઉપરાંત એકાંકી, હાસ્ય સાહિત્ય અને અનુવાદો ક્ષેત્રે પણ વિશિષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ  છે.  વસુબહેન ભટ્ટ મૂળે વાર્તાકાર છે. તેમની પાસેથી 'સરસિજ' (૧૯૬૬), 'ફાગણ' (૧૯૮૦), કુન્દનિકા કાપડિયા પાસેથી 'સાત પગલાં આકાશમાં (૧૯૮૪), 'પરોઢ થતાં પહેલાં' (૧૯૬૮, 'અગનપિપાસા' (૧૯૭૨)જેવી નવલકથાઓ અને 'પ્રેમનાં આસું' જેવા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. સરોજ પાઠક પાસેથી 'નાઈટમેર' (૧૯૬૯). 'નિ:શેષ' (૧૯૭૯), 'ટાઈમબોમ્બ' (૧૯૮૭ વગેરે નવલકથાઓ તેમજ 'પ્રેમ ઘટા ઝૂક આઈ' (૧૯૫૯), 'મારો અસબાબ, મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૬૬) જેવા વાર્તાસંગ્રહો સાંપડે છે. વર્ષા અડાલજા પાસેથી 'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), 'તિમિરના પડછાયા' (૧૯૬૯), 'એક પળની પરખ' (૧૯૬૯), 'પાંચ ને એક પાંચ' (૧૯૬૯), 'અવાજનો આકાર' (૧૯૭૫), 'છેવટનું છેવટે' (૧૯૭૬), 'આતશ' (૧૯૭૬), 'ગાંઠ છૂટ્યાની વેળા' (૧૯૮૦), 'બંદીવાન' (૧૯૮૩), 'મૃત્યુદંડ' (૧૯૯૬), 'માટીનું ઘર' (૧૯૯૧) વગેરે નવલકથાઓ તેમજ 'સાંજને ઉંબર' (૧૯૮૩), ''એ' (૧૯૭૯), 'એંધાણી' (૧૯૮૯) જેવી નવલિકાઓ અને 'મંદોદરી' (૧૯૯૮), 'આ છે કારાગાર' (૧૯૮૬), 'તિરાડ' અને 'શહિદ' (૨૦૦૩) જેવાં નાટકો અને કેટલાક નિબંધો તેમજ સંપાદન ગ્રંથો પણ સાંપડે છે. તારિણીબહેન દેસાઈ પાસેથી 'પગ બોલતા લાગે છે' (૧૯૮૪) અને 'રાજા મહારાજાની જે' (૧૯૯૨) જેવા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે, પરતુ તેમનું વિશેષ પ્રદાન નવલિકા ક્ષેત્રે રહ્યું છે.

હિમાંશી શેલત 'અન્તરાલ' (૧૯૮૭), 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (૧૯૯૨), 'એ લોકો' (૧૯૯૭) જેવા વાર્તાસંગ્રહો  આપી નવલિકા ક્ષેત્રે આગવું પ્રદાન ધરાવે છે. તેમની પાસેથી 'કાળાં પતંગિયાં' (૨૦૦૬), 'આઠમો રંગ' (૨૦૦૧) નામે નવલકથા-લઘુનવલો પણ પ્રાપ્ત થાય છે. ઇલા આરબ મહેતા પાસેથી 'ત્રિકોણની ત્રણ રેખાઓ' (૧૯૬૬), 'થીજેલો આકાર' (૧૯૭૨) 'રાધા' (૧૯૭૨), 'એક હતા દિવાન બહાદુર' (૧૯૭૬), આવતીકાલનો સુરજ' (૧૯૭૯) જેવી નવલકથાઓ જુદા જુદા વિષયવસ્તુને લઈને આવે છે. તો 'એક હતા દિવાન બહાદુર' અને 'વસંત છલકે' જેવી હાસ્યપ્રધાન નવલકથાઓ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં તેમની પાસેથી નવલિકાસંગ્રહો પણ સાંપડ્યા છે. પન્ના નાયક પાસેથી 'પ્રવેશ' (૧૯૭૫), 'ફ્લડેલ્ફીઆ' (૧૯૮૦), 'નિસ્બત' (૧૯૮૪), 'વિદેશિની' (૨૦૦૦) જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. જયા મહેતા પાસેથી 'વેનિશન બ્લાઈન્ડ' (૧૯૭૮), 'એક દિવસ' (૧૯૮૨), 'હૉસ્પિટલ પોએમ્સ' (૧૯૮૭), 'એક આ ખરે પાંદડું' (૧૯૮૯) જેવાં કાવ્યસંગ્રહો તો કેટલાંક વિવેચનો, સંપદન તેમજ પ્રવાસગ્રંથો પણ તેમની પાસેથી સંપડ્યા છે.  આવી જ રીતે નીતા રામૈયા, સરૂપ ધ્રુવ, સંસ્કૃતિરાણી દેસાઈ જેવી કવયિત્રીઓ પાસેથી કેટલાક કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. દર્શનાબહેન ધોળકિયા પાસેથી પણ 'શ્વાસમાં વાગે શંખ', 'નારી કથા : પુરુષની લેખિની', 'કાન્તના પત્રો', 'મહાભારત ચરિત્રવિમર્શ', 'કાર્મેલિન' વગેરે સંશોધન, સંપાદન અને અનુવાદિત ગ્રંથો પ્રાપ્ત થાય છે.

સમકાલીન ગુજરાતી સાહિત્યની આ તમામ સ્ત્રી કવયિત્રીઓ વ્યવસાય સાથે જોડાઈને સાહિત્યમાં વિશેષ પ્રદાન કરી રહી છે. આ તમામ લેખિકાઓને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, નર્મદ સુવર્ણ ચંદ્રક જેવાં અનેક પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવેલ છે.

ગુજરાતી સાહિત્યની તમામ લેખિકાઓએ નવલકથા, વાર્તા, નિબંધ, કવિતા વગેરે તમામ ક્ષેત્રોમાં કલમ ચલાવી છે. તેઓ પોતાના અનુભવો દ્વારા સમાજનું સીધું પ્રતિબિંબ સાહિત્યમાં પાડ્યું છે. સ્ત્રી લેખિકાઓએ સ્ત્રીની દરેક અવસ્થાઓને સાહિત્યના દરેક સ્વરૂપમાં આલેખી છે, જે ગૌરવપૂર્ણ વાત છે.